# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૨/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# લોકડાઉનના સ્ટ્રેસભર્યા વાતાવરણમાંથી બહાર આવવા ચેમ્બર દ્વારા વેબીનાર થકી મ્યુઝીકલ એન્ટરટેનમેન્ટ પ્રોગ્રામ યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૭:૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)ના માધ્યમથી મ્યુઝીકલ એન્ટરટેનમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શ્રી અમન લેખડીયા, સુશ્રી કેતુલ પટેલ, શ્રી રાજીવ વ્યાસ, શ્રી સત્યેન જગીવાલા, સુશ્રી દ્રવિતા ચોકસી ઓબેરોય, શ્રી જગદીશ ઇટાલિયા, યુએસએથી શ્રી ઓજસ મહેતા અને શ્રી કેયૂર વાઘેલા જેવા કલાકારોએ જુદા–જુદા ગીતોથી પોતાના સૂર પાથરીને કોરોનાના પ્રવર્તમાન ગંભીર વાતાવરણને મનોરંજનમય બનાવી દીધુ હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, અત્યારે લોકડાઉન આપણા જીવનનો અભિન્ન ભાગ થઇ ગયો છે. આથી ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૨૫માં વેબીનારના ભાગરૂપે મ્યુઝીકલ ઇવનીંગનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી કરીને હાલમાં આપણે જે સ્ટ્રેસ અનુભવી રહયાં છે તેમાંથી બહાર નીકળી શકાય. તેમણે પોતાના અંદાજમાં 'યે શામ મસતાની, મદહોશ કીયે જાય, મુઝે ડોર કોઇ ખીચે તેરી ઓર લીયે જાય' ગીત ગાયુ હતુ.

ગાયક શ્રી અમન લેખડીયાએ ''ઇતની શકિત હમે દેના દાતા મન કા વિશ્વાસ કમજોર હો ના, હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલ કર ભી કોઇ ભૂલ હો ના....સહેમા સહેમા સા હર આદમી હૈ...પાપ કા બોઝ બઢતા હી જાયે, જાને કૈસે યે ધરતી થમી હૈ... બોઝ મમતા કા તુ યે ઉઠા લે, તેરી રચના કા યે અંત હો ના... હમ ચલે નેક રસ્તે પે હમસે ભૂલ કર ભી કોઇ ભૂલ હો ના....'' ગીતથી કાર્યક્રમની શરૂઆત થઇ હતી.

ગાયિકા સુશ્રી દ્રવિતા ચોકસીએ તેમની સૂરીલી અવાજમાં ‘રસ્મે ઉલફત કો નિભાયે તો નિભાયે કૈસે, હરતરફ આગ લગી હો તો બચાયે કૈસે’ ગીત રજૂ કર્યુ હતુ. ગાયક શ્રી જગદીશ ઇટાલિયાએ ‘તારા આંખનો અફેણી, તારા બોલના બંધાની’ ગીત રજૂ કર્યુ હતુ. ગાયિકા સુશ્રી કેતુલ પટેલે તેમની સૂરીલી અવાજમાં ‘જલ ઉઠે દો દિયે જબ લીયા તેરા નામ, કયા જાનુ સજન’ અને ‘ચાર દિનોન્દા પ્યાર ઓ રબ્બા બડી લંબી જુદાઇ....લંબી જુદાઇ, હોઠો પે આઇ તેરી યાદ દુહાઇ હાય લંબી જુદાઇ, ચાર દિનોન્દા પ્યાર ઓ રબ્બા બડી લંબી જુદાઇ...લંબી જુદાઇ’ ગીત રજૂ કર્યુ હતુ. ગાયક શ્રી કેયૂર વાઘેલાએ ‘જો દિલ બોલે છે તે કરતો જા’ સરસ મજાનું ગુજરાતી ગીત રજૂ કર્યુ હતુ. ગાયક શ્રી ઓજસ મહેતાએ ‘જિંદગી કા સફર હૈ યે કૈસા સફર, કોઇ સમજા નહી કોઇ જાના નહીં’ ગીત રજૂ કર્યુ હતુ.

ગાયક શ્રી રાજીવ વ્યાસે ‘હાય મર જાયેંગે હમ તો લૂંટ જાયેંગે, ઐસી બાતે કિયા ના કરો જાને કી જીદ ના કરો, તુમકો અપની કસમ જાનેજા, બાત ઇતની સી મેરી માનલો, આજ જાને કી જીદ ના કરો’ અને ‘ફીઝા તેરા રંગ થા મૈ તો....’ ગીત રજૂ કરી કોરોનાની કપરી સ્થિતિમાં મુંઝાયેલા લોકોને ગભરાશો નહી બધું સારુ થઇ જશે એવો સંદેશ પાઠવ્યો હતો. શ્રી સત્યેન જગીવાલાએ ‘માના હો તુમ બેહદ હસી ઐસે બુરે હમ ભી નહીં, દેખો કભી તો પ્યાર સે ડરતે હો કયૂં ઇકરાર સે, માના હો તુમ બેહદ હસી ઐસે બુરે હમ ભી નહીં’ ગીત રજૂ કર્યુ હતુ.

કોરોનાની વિકટ પરિસ્થિતિમાં ડોકટર સહિતનો મેડીકલ સ્ટાફ, પોલિસ, સફાઇ કર્મચારીઓ અને ભૂખ્યાં લોકો માટે જમવાનું પહોંચાડતા લોકો માટે સુરતના કલાકારોએ ખૂબ જ સરસ ગીત બનાવ્યું છે. જે ગીતને પણ અહી રજૂ કરવામાં આવ્યુ હતુ. ‘જીવન કી પહચાન હો તુમ, સેવા ઔર બલિદાન હો તુમ, સબ કે લીયે હૈરાન હો તુમ, એક મહાન ઇન્સાન હો તુમ, રૂપ બદલ કર આયે હો, પર સચ્ચે ભગવાન હો તુમ, પ્રાર્થના હો તુમ, અજાન હો તુમ, મેરા હિન્દુસ્તાન હો તુમ, જીવન કી પહચાન હો તુમ, સેવા ઔર બલિદાન હો તુમ.’

આજની પરિસ્થિતિને જામતુ ગીત પણ અહી રજૂ કરવામાં આવ્યુ હતુ. ‘ના હાથ મિલાના, ના બહાર જાના, ઘર મે હી પડે હૈ બંધ પૈસા આના, લોકદિલ કી હૈ યે દાસ્તાન, કોરોના, કોરોના ગો કોરોના, ઇતના ભી પરેશા મત કરોના, ધંધે કો યુ ચૌપટ મત કરોના, ચાઇના કી હૈ સારી મહેરબાની, ખાંસી સે ભી દુનિયા ડર રહી હૈ સારી, સેનીટાઇઝર કી શોર્ટેજ, ના માસ્ક અબ બચે ના કોન્સેપ્ટ હૈ ખાલી, સ્કૂલો પે હૈ તાલા, ના ઓફિસ જાના, હમ આલસીઓ કો ઇસકા હૈ બહાના, ઔર નૂડલ્સ સે ભી દૂર રહેના યાર, કોરોના કોરોના ગો કોરોના, ઇતના ભી પરેશા મત કરોના....’

સિટીનો લાકડો રેડીયો જોકી શ્રી દેવાંગ રાવલે કુશળતાપૂર્વક આ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. જેમાં દેશભરમાંથી ૩૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને લોકડાઉનની સ્થિતિમાંથી બહાર નીકળીને સંગીતની જુદી જ દુનિયામાં પહોંચી ગયાનો અનુભવ કર્યો હતો.